# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

- રાજસ્થાન અને તેલંગાણામાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવાન બન્યો છે-
- ભારત અને ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રીઓ અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચેની મંત્રણાનો ગઈકાલથી દિલ્હીમાં આરંભ થયો છે.
- રિઝર્વ બેંકે નિયમોનું પાલન ન કરવા બદલ ત્રણ બેંકોને નાણાકીય દંડ ફટકાર્યો છે.
- ગોવામાં 54માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મમહોત્સવનો પ્રારંભ – આજથી ભારતીય પેનોરમા અને ક્રિએટિવ માઇન્ડ ઑફ ટુમોરો પહેલ શરૂ થશે
- ગુજરાતના અમદાવાદમાં વૈશ્વિક મત્સ્યપાલન પરિષદનો આજથી આરંભ થશે.
- ફિફા-વિશ્વકપ ફૂટબોલ સ્પર્ધા-2026 માટેની પાત્રતા મેચના બીજા દોરમાં ભારત આજે કતાર સામે મેચ રમશે.
- 

*****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELE-CAMPAIGN-RAJASTHAN

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે હવે માત્ર ત્રણ દિવસ બાકી રહ્યા છે. ત્યારે તમામ રાજકીય પક્ષોએ પ્રચારમાં પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે. આજે તમામ પક્ષોના ટોચના નેતાઓ ચૂંટણી પ્રચાર કરીને મતદારોને પોતાની તરફ આકર્ષવાના પ્રયાસ કરશે. આજે ભાજપ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બારનના આંટા, કોટા શહેર અને કરૌલીમાં જાહેર સભાઓને સંબોધિત કરશે. આ પછી તેઓ સાંજે જયપુરમાં રોડ શો કરશે. તો ગૃહમંત્રી અમિત શાહ આજે ત્રણ જાહેર સભાઓને સંબોધિત કર્યા બાદ સાંજે સવાઈ માધોપુરમાં રોડ શો કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી નડ્ડા ધોડ , ફતેહપુર અને શ્રીડુંગરગઢમાં પાર્ટીના ઉમેદવારો માટે સામાન્ય સભાઓ કરશે.

બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલગાંધી ઉદયપુર , જાલોર અને બાડમેરમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. કોંગ્રેસના નેતા અને મુખ્યમંત્રી અશોક ગેહલોત પાંચ જિલ્લામાં છ સ્થળોએ જાહેર સભા કરવાના છે. આ સિવાય કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત ઘણા સ્ટાર પ્રચારકો પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરશે. દરમિયાન કોંગ્રેસ આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે રાજસ્થાનમાં 199 વિધાનસભા બેઠકો માટે આ મહિનાની 25મી તારીખે મતદાન થશે. જ્યારે તેલંગાણામાં 119 વિધાનસભા બેઠકો માટે આ મહિનાની 30મી તારીખે મતદાન થશે..

# INDIA AUSTRALIA MINSTERIAL DIALOGUE

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટુ પ્લસ ટુ એટલે કે બંને દેશોના વિદેશમંત્રીઓ અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચેની મંત્રણાનો  ગઈકાલથી આરંભ થયો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશમંત્રી એસ. જયશંકર જ્યારે ઓસ્ટ્રેલિયાના સંરક્ષણમંત્રી રિચર્ડ માર્લ્સ અને વિદેશ મંત્રી પેનીવોંગ આ મંત્રણામાં ભાગ લઇ રહ્યા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ આ બેઠકમાં સંરક્ષણ, વેપાર, ઉર્જા અને વિજ્ઞાન સહિત વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર મજબૂત બનાવવા ચર્ચા થઇ રહી છે. એવી જ રીતે, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે પણ ચર્ચા થશે. બંને પક્ષો બહુસ્તરીય સહકાર મજબૂત બનાવવા અગ્રતાના મુદ્દાઓ રજુ કરશે..

# RBI MONETARY PENALTY

રિઝર્વ બેંકે નિયમોનું પાલન ન કરવા બદલ ત્રણ બેંકોને નાણાકીય દંડ ફટકાર્યો છે. ધ નાસિક મર્ચન્ટસ કો-ઓપરેટિવ બેંકને 48 લાખ 30 હજાર દંડ રૂપિયાનો દંડ, મહેસાણા અર્બન કો-ઓપરેટીવ બેંકને અયોગ્ય ટ્રસ્ટોના સેવિંગ્સ બેંક ખાતા ખોલવા બદલ 15 લાખ રૂપિયાનો દંડ અને સાંગલી સહકારી બેંકને તેના એક સંબંધીને આપેલી લોન રિન્યુ કરવા બદલ બે લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

જોકે, આરબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે આ કાર્યવાહી નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા અંગે ઉચ્ચારવાનો નથી..

# IFFI-INDIAN PANORAM

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે ગઈકાલે ગોવામાં 54માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 2023માં ફિલ્મ બજારની 17મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. ફિલ્મ બજારની 17મી આવૃત્તિ 24મી નવેમ્બર સુધી ચાલશે. ગઈકાલે ફિલ્મ બજારના ઉદઘાટન સમયે બોલતા શ્રી ઠાકુરે કહ્યું કે , સહયોગની ભાવના સાથે વાર્તા કહેવા નીકળાની ઉજવણી કરવી એ સન્માનની વાત છે.

શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે , વિચારોના ધમધમતા બજાર જેવું ફિલ્મ બજાર એ વિશ્વના ખૂણે ખૂણેથી આવેલા ફિલ્મ નિર્માતાઓ , નિર્માતાઓ અને વાર્તાકારોનું આશ્રયસ્થાન છે. શ્રી ઠાકુરે એ પણ જાહેરાત કરી કે નવીનતાને મંજૂરી આપવા અને બિઝનેસ કરવાની સરળતા માટે પ્રધાનમંત્રીના આહવાનને અનુરૂપ , એક આકર્ષક નવુંઘટક, "બુક ટુ બોક્સ ઓફિસ" ઉમેરવામાં આવ્યું છે, જે 59 સબમિશનને એકીકૃત રીતે પ્રદર્શિત કરશે.

દરમ્યાન ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં ભારતીય પેનોરમા આજથી ગોવામાં શરૂ થશે. આ વિભાગમાં 25 ફીચર ફિલ્મો અને 20 નોન-ફીચર ફિલ્મો દર્શાવવામાં આવશે. ભારતીય પેનોરમા વિભાગની શરૂઆતની ફિલ્મ મલયાલમ ફિલ્મ અટ્ટમ છે, જેનું નિર્દેશન આનંદ એક રસાહી દ્વારા કરવામાં આવ્યું છે. મીના લોંગજામ દ્વારા દિગ્દર્શિત ડોક્યુમેન્ટ્રી ‘એન્ડ્રો ડ્રીમ્સ’ નોન-ફીચર ફિલ્મ વિભાગની શરૂઆતની ફિલ્મ હશે.

........2........

ભારતીય પેનોરમા વિભાગમાં પ્રદર્શિત થનારી અન્ય ફિલ્મોમાં વિવેક અગ્નિહોત્રી નિર્દેશિત હિન્દી ફિલ્મ 'ધ વેક્સીન વોર 'નો સમાવેશ થાય છે. IFFI ખાતે ફિલ્મ બજારમાં દર્શાવવામાં આવનારી વિવિધ શૈલીઓમાંથી 10 ભલામણ કરેલ ફિલ્મોમાં દસ્તાવેજી, હોરર, ક્લાઈમેટ કટોકટી અને કાલ્પનિકનો સમાવેશ થાય છે. આ ફિલ્મો અંગ્રેજી, હિન્દી, બંગાળી, મારવાડી, કન્નડ અને માઓરીમાં છે.

# IFFI-CREATIVE-MINDS-OF-TOMORROW.rtf.

દેશના 19 વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસંદ કરાયેલા 75 યુવા પ્રતિભાશાળી ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો ગોવામાં આયોજિત 54માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 75 ક્રિએટિવ માઇન્ડ ઑફ ટુમોરો પહેલની ત્રીજી આવૃત્તિમાં ફિલ્મો દ્વારા તેમની નવીનતા અને વાર્તા કહેવાની ક્ષમતા પ્રદર્શિત કરશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુર આજે તેની શરૂઆત કરાવશે. 75 ક્રિએટિવ માઇન્ડ ઑફ ટુમોરો એ શ્રી ઠાકુર દ્વારા ભારતભરમાં યુવા સિનેમા પ્રતિભાઓને ઓળખવા , તેનું સંવર્ધન કરવા અને તેનું પ્રદર્શન કરવા માટે શરૂ કરવામાં આવેલ એક અનોખી પહેલ છે. તે યુવાનોને ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કરવા અને ભવિષ્યમાં અગ્રણી ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો બનવા માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડે છે.600 થી વધુ અરજીઓમાંથી પસંદ કરાયેલા 75 સહભાગીઓને કેન્દ્રીય મંત્રી સાથે વાર્તાલાપ કરવાની તક મળશે

# FISHERIES CONF.

કેન્દ્રીય મત્સ્યપાલન મંત્રી પરષોત્તમ રૂપાલા આ જે ગુજરાતના અમદાવાદમાં સાયન્સ સીટી ખાતે વૈશ્વિક મત્સ્યપાલન પરિષદનું ઉદ્ઘાટન કરશે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , કેન્દ્રીય મત્સ્યપાલન રાજ્યમંત્રી એલ મુરૂગન ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

વિશ્વ માછલી દિવસ નિમિત્તે યોજાનારી આ બે દિવસીય પરિષદ દરમિયાન ટેકનીકલ સત્ર, દ્વિપક્ષીય બેઠકો તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે નવકલ્પના જેવા સત્રો યોજાશે. તેમજ આ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને ઉત્પાદનો દર્શાવતું પ્રદર્શન પણ યોજાશે. જેમાં દસથી વધુ દેશોના પ્રતિનિધિ મંડળ , મત્સ્યપાલન ક્ષેત્રના નીતિ ઘડવૈયાઓ, ભાગ લેશે.

આ ઉપરાંત આ પરિષદમાં આ જે ગુજરાતની ઇનલેંડ જળાશય લીઝિંગ પોલિસીની અને ગુજરાત રાજ્યની સત્તાવાર માછલીની જાહેરાત પણ કરાશે..

# FIFA-WC-QUALIFIERS

ફિફા-વિશ્વકપ ફૂટબોલ સ્પર્ધા-2026 માટેની પાત્રતા મેચના બીજા દોરમાં ભારત આજે કતાર સામે મેચ રમશે. ફૂટબોલ મેચ સાંજે 7 વાગે શરૂ થશે

ઉલ્લેખનીય છે કે અગાઉ પ્રથમ મેચમાં ભારતે કુવેતને 1-0 ગોલથી પરાજય આપ્યો હતો. ભારત તરફથી મનવીરસિંહે 75મી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. કુવેતે સેકન્ડ હાફમાં આક્રમક રમત રમી હતી , જો કે, ગોલકીપર ગુરપ્રિતસિંહ સંધુએ ગોલ નોંધાવવાના કુવેતના ખેલાડીઓના તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા...

# ARMY CHIEF VISIT - SOUTHKOREA

લશ્કરના વડા મનોજ પાંડે ગઈકાલથી દક્ષિણ કોરિયાની મુલાકાતે છે . આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશોના વચ્ચેના મજબૂત સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવાનો છે. 20મી નવેમ્બર એ ભારત અને રિપબ્લિક ઓફ કોરિયા વચ્ચેના સંબંધોના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ હતો.

1950માં આ દિવસે, ભારતીય સેનાની 60 પેરા ફિલ્ડ એમ્બ્યુલન્સ કોરિયન યુદ્ધ દરમિયાન ખૂબ જ જરૂરી તબીબી સહાય પૂરી પાડવા માટે બુસાનમાં ઉતરી હતી. પ્રવાસની મુખ્ય વિશેષતાઓમાં કોરિયન લશ્કરના વડા જનરલ પાર્ક એન-સુ સાથે દ્વિપક્ષીય બેઠક અને સશસ્ત્ર દળોના સંયુક્ત ચીફ ઓફ સ્ટાફના અધ્યક્ષ જનરલ કિમ સેંગ-ક્યુમ સાથેની વાતચીતનો સમાવેશ થાય છે..

# PM- ARGENTIAN PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્જેન્ટિનાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા બદલ જેવિયર મિલીને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે તેઓ ભારત-આર્જેન્ટિના વ્યૂહાત્મક ભાગીદારીમાં વૈવિધ્ય અને વિસ્તરણ કરવા તેમની સાથે મળીને કામ કરવા આતુર છે.

# REV-Uttarakhand-Rescue-operation

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી સાથે ટેલિફોન પર વાતચીત કરીને ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં નિર્માણાધીન સિલ્ક્યારા ટનલની અંદર ફસાયેલા 41 કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. ટનલની અંદર 53 મીટર સુધી છ ઈંચની પાઈપ પહોંચાડવામાં આવી છે..

દરમિયાન, આંતરરાષ્ટ્રીય ટનલ સંગઠનના અધ્યક્ષ અર્નોલ્ડ ડિક્સ ઉત્તરકાશી પહોંચ્યા હતા. ટનલ નિર્માણ અને તેને લગતી સમસ્યાઓને ઉકેલવામાં શ્રી ડિક્સ નિષ્ણાંત છે. તેમણે ઘટનાસ્થળે બચાવ કામગીરી કરતી સંસ્થાઓના અધિકારીઓ સાથે વાતચીત કરી છે.

# ANNUAL UNITED NATIONS FORUM

નવી દિલ્હીમાં આજથી શરૂ થનાર વાર્ષિક સંયુક્ત રાષ્ટ્ર (યુએન) પરિષદ 2023ના એજન્ડામાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો અને શાંતિ જાળવણી મુખ્ય હશે. બે દિવસીય પરિષદનું આયોજન યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા દ્વારાઈન્ટર નેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ અને સેન્ટર ફોર યુએન પીસકીપીંગ ઓપરેશન્સના સહયોગથી કરવામાં આવશે.

યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા એ દેશની સૌથી જૂની થિંક-ટેન્ક છે જેની સ્થાપના 1870માં રાષ્ટ્રીય સુરક્ષા અને લશ્કરી બાબતો પર સંશોધન અને ચર્ચા માટે કરવામાં આવી હતી..

# DOMINICAN-RAIN

ડોમિનિકન રિપબ્લિકમાં સપ્તાહના અંતે ભારે વરસાદ બાદ 3 બાળકો સહિત 21 લોકોના મોત થયા છે. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર ભારે વરસાદ બાદ 13 હજારથી વધુ લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા હતા. દેશના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું કે , વરસાદના કારણે ઘરોમાં પાણી ભરાઈ ગયા, પાવર કટ થયા અને પુલ અને રસ્તાઓને નુકસાન થયું છે.

વાવાઝોડાથી 2 હજાર 600 થી વધુ ઘરો પ્રભાવિત થયા છે. દેશના મોટાભાગના 32 પ્રાંતો હાઈ અલર્ટ પર છે. ડોમિનિકન પ્રમુખ લુઈસ એબિનાડેરે તેને દેશના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી વરસાદી ઘટના ગણાવી હતી.